R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 13 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH MAY 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.







**પુજ્ય શ્રી શા. ભવાનજી મેંઘજી મુનવર**
**ગામ : જખૌં (મુલુંડ)**

: જન્મ :
તા. ૪.૮.૧૯૧૬

: સ્વર્ગવાસ :
તા. ૧૧.૫.૧૯૮૪

**માતુશ્રી ભાનુમતી ભવાનજી મુનવર**
**ગામ : જખૌં (મુલુંડ)**

: જન્મ :
તા. ૨.૪.૧૯૨૯

: સ્વર્ગવાસ :
તા. ૪.૯.૨૦૦૦

કુટુંબ માટે ફૂલો પાથરી ગયા, જીવન એવું જીવી ગયા, કે સૌના માર્ગ દર્શક બની ગયા, દુઃખને દેખાડ્યું નહીં.
જીવનભર મહેનત કરી, સમગ્ર પરીવારનું હંમેશ ભલું કર્યું, સમર્પણ અને સંસ્કારની જ્યોત જલાવી...

જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા,
સંસારની ચડતી-પડતી મુંગા મોઢે સહન કરતા કરતા પરિવારને પ્રાણવાયુ પુરવનાર

અમારા માતા-પિતા
અમે સ્નેહાંજલી - આદરાંજલી અર્પણ કરીએ છીએ
પરમાત્મા તમારા આત્માને શાતા અર્પે એજ

**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**
**નત મસ્તકે આપને સ્મૃતિ વંદના**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. અવંતિકા જયચંદ મુનવર |
| પુત્રી-જમાઈ | : | અ.સૌ. શીલા કાંતીલાલ પોલડીયા |
| પૌત્ર-પૌત્રવધુ | : | અ.સૌ. આરતી કલ્પેશ જયચંદ મુનવર |
| પૌત્રી-જમાઈ | : | અ.સૌ. સેજલ ધર્મેશ લોડાયા |
| પરપૌત્ર | : | ધનીષ કલ્પેશ મુનવર |
| પરદોહિત્ર | : | કીયાન ધર્મેશ લોડાયા |

**શ્રી જયચંદ ભવાનજી મુનવર સમસ્ત પરિવાર**
**શ્રી કુંવરજી મેઘજી મુનવર સમસ્ત પરિવાર**
**શ્રી હંસરાજ મેઘજી મુનવર સમસ્ત પરિવાર**
**શ્રી પાર્શ્વીર પુંજાભાઈ મોમાયા સમસ્ત પરિવાર**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ સ્મરણાંજલિ

આપને સ્મરણાંજલિ આપતા અમારા શબ્દો ખૂટે છે... અને હૈયું તૂટે છે...
આંખો હજી નિહાળે છે તમને...
સ્મરણ તમારો હજી મનમુકી રડાવે છે અમને... અંતર હજી પોકારે છે તમને...
યાદો ના વાયરા વીંઝાય છે... વીતેલો કાળ તાજો થાય છે...
પ્રેમના મોતીઓ છલકાય છે... ને પાંપણ અમારી ભીની થાય છે.
જીવનરૂપી દીવડો બુઝાયો, ને પરિવારરૂપી બાગમાં અંધકાર છવાયો...
પ્રેમનો સાગર સુકાયો ને વહાલ નો દુષ્કાળ છવાયો...
આપની મોંઘેરી પ્રેમની સ્મૃતિઓ અમારા હૃદયમાં સદા બિરાજમાન રહેશે.
પ્રથમ પુણ્યતિથિએ આપીએ ભાવભરી અંતરથી સ્મરણાંજલિ.



અ. સૌ. રિદ્ધિ ગીરીશ બાબુલાલ લોડાયા

ગામ : ગોરખડી, અરિહંતશરણ : તા. ૮ મે ૨૦૨૧

**પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતી અર્પે એજ પ્રાર્થના.**

## માતુશ્રી મધુરીબેન બાબુલાલ જીવરાજ લોડાયા સમસ્ત પરિવાર

જીવનસાથી : ગીરીશ જીવરાજ લોડાયા
પુત્ર – પુત્રવધુ : યશવી વંશ ગીરીશ લોડાયા
પુત્ર : સ્વ. મોક્ષ ગીરીશ લોડાયા
વેવાઈ : કૃપાલીબેન પરીન ઉષાકાંત દામાણી પરિવાર (ચોરવાડ)

**Padmavati Enterprise - Padmavati International**

## વ્હાલી રિદ્ધિને અંતરભીની શ્રદ્ધાંજલિ

દિવસ મહિના ને વર્ષ વિત્યા, યાદ આવે છે તારી વારંવાર
આજે આંખડી તને શોધી રહી, સાદ સાંભળવા કાન આતુર
સચ્ચાઈનો નથી થતો સ્વીકાર, તારા વિના છે સૂનો પરિવાર
દૃષ્ટિમાં હજુ રમે છે તારો હસ્તો ચહેરો, અંતરમાં હજુય પડઘાય છે તારા સ્મૃતિના ધબકારા,
તારી હયાતીનો હૂંફનો હૂંફાળો સ્પર્શ,
રહેવાને સદાય દુનિયામાં તો કોઈ આવતું નથી, તે છતાંય વિદાય લેનારની યાદ ભુંસાતી નથી.

મંજુલાબેન ઝવેરચંદ શામજી લાલકા (ધ્રાફા) સમસ્ત પરિવાર તરફથી
પૂણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ

: બહેન – બનેવી :

નયનાબેન સોમચંદ કરમશી લોડાયા
કલ્પનાબેન અશોક દેવચંદ નાગડા
હંસાબેન વિજય દેવચંદ નાગડા
જ્યોતીબેન ચેતન નરશી નાગડા

: ભાણેજ – ભાણેજી :

બિજલ પ્રેમલ ભરત મોદી
સુનીતા ઉમેશ સોમચંદ લોડાયા
ચાર્મી રીષભ અશોક નાગડા
હિરલ ચેતન નાગડા
ટીના પુષ્પક વિજય નાગડા
દર્શિતા જીનેશ સોમચંદ લોડાયા
હર્ષ અશોક નાગડા

## પ્રથમ પુણ્યતિથિ



**અ. સૌ. રિદ્ધિ ગીરીશ બાબુલાલ લોડાયા**

ગામ : ગોરખડી
અરિહંતશરણ : તા. ૮ મે ૨૦૨૧

તંત્રી સ્થાનેથી

# કલ્પવૃક્ષ યોજના



- ડૉ. હીરાચંદ દંડ

અનેક પ્રકલ્પો જ્ઞાતિ કે સમાજના વિકાસ તથા ઉત્કર્ષ માટે રચવામાં આવે છે. એમાંથી કેટલાકને સફળતા પ્રાપ્ત થાય છે તો અમુક નિષ્ફળ નિવડે છે. બન્ને પ્રકલ્પોમાં યોગ્ય સંભાળ તથા તકેદારી રાખવામાં આવી હોય તે છતા કેટલાક સફળ થાય છે તો કેટલાક નિષ્ફળ. મારો આજનો તંત્રીલેખ ૧૯૯૪માં દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ દ્વારા શરૂ કરાયેલી કલ્પવૃક્ષ યોજના ઉપર છે. આ લેખ કોઇની પણ ટીકા કરવા માટે નથી કે કોઇનો દોષ જોવા માટે નથી, પરંતુ જેમણે પણ આ યોજનામાં વિશ્વાસ મુકીને ૧૯૯૪-૯૫થી એમાં પૈસાનું રોકાણ કર્યું છે, એમના હિતોનું રક્ષણ કરવા માટે છે. આજની યુવા પેઢી આ પ્રોજેક્ટ વિશે માહિતગાર બને એ ખૂબજ મહત્ત્વનું છે એટલે એ વિશે ખૂબ જ ટુંકમાં જણાવવાનો પ્રયત્ન કરૂં છું.

૧૯૮૦-૯૦ના વર્ષોમાં અનેક પ્લાન્ટેશન કંપનીઓ બજારમાં આવી હતી અને વૃક્ષોનું વાવેતર તથા અન્ય ખેતીલક્ષી પ્રોજેક્ટ્સ લાવી હતી. તા. ૭ નવેમ્બર ૨૦૦૮ના MCA પોર્ટલ ઉપર આ પ્રકારની ૧૨૮૬૨ કંપનીઓ રજીસ્ટર્ડ હતી. એ સમયે નલિયાના કોચી રહેતા શ્રી મણિકાંત પદમશી મોતાએ ૧૯૯૨માં અન્ય ડીરેક્ટર્સ વિજયન શ્રીકુમાર તથા પોટ્ટાક્કરન દેવાષકુટ્ટી સાથે મળી રૂા. ૫,૦૨,૯૦૦/-ના પેઇડ કેપીટલ અને રૂા. ૪ કરોડના ઓથોરાઇઝડ કેપીટલ સાથે બોન પ્લાન્ટેશન એન્ડ એક્સપોર્ટ લી. કંપની શરૂ કરી હતી. શ્રી મણિકાંતભાઇ કોઇક કામસર શ્રી તિલકચંદભાઇ લોડાયાને મળવા ગયા હતા ત્યારે ટ્રી પ્લાન્ટેશન તથા પોતાના આઇડીયા વિશે તેમને વાત કરી, જે બાબત શ્રી તિલકચંદભાઇને ગમી ગઇ અને તેમણે દક્ષિણ ભારત એકમના ટ્રસ્ટીશ્રીઓ સાથે આ અંગે વાત કરી. ટ્રસ્ટીશ્રીઓને આ વાત ગમી એટલે ૧૯૯૪માં ક.દ.ઓ. જ્ઞાતિના વિકાસ માટે કલ્પવૃક્ષ યોજનાનો શુભારંભ થયો. એકમ દ્વારા ૧૩૫ એકર જમીન, રૂા. ૬૦૦૦/- થી ૧૧૦૦૦/- એકર દીઠના ભાવથી તામિલનાડુના સત્યમંગલા ખાતે સંપાદન કરવામાં આવી. આ જમીન વૃક્ષ માલિકોના ફાળાથી ખરીદવામાં આવી એમાં દક્ષિણ ભારત એકમનું કોઇજ રોકાણ ન હતું. એકમે વૃક્ષોનો ઉછેર કરવાનું નક્કી કર્યું હતું અને જમીન પોતાની પાસે જ રાખીને ફક્ત વૃક્ષો વેચવાનો નિર્ણય કર્યો હતો. વૃક્ષોના ઉછેર તથા દેખરેખનું કામ બોન પ્લાન્ટેશનને સોંપવામાં આવ્યું હતું. આ યોજનામાં વૃક્ષદીઠ રૂા. ૪૪૦/-ના ભાવે લગભગ ૪૦૦૦૦ જેટલા વૃક્ષો વેચવામાં આવ્યા હતા. આ યોજનાનો હેતુ એ હતો કે એકવાર વૃક્ષો મોટા થઇ જાય એટલે એનું લાકડું વૃક્ષ માલિક વેચીને નિયમિત નફો કમાઇ શકે. આ યોજના ક.દ.ઓ. જ્ઞાતિને ફાયદો આપવાના સારા ઉદ્દેશ સાથે સારી રીતે શરૂ થઇ પરંતુ થોડાંક વર્ષોમાં જ બધા વૃક્ષોના મુળિયામાં રોગ ફેલાઇ ગયો અને એટલે વૃક્ષ માલિકોને વળતર સ્વરૂપે લાકડું મળ્યું જ નહિ. લગભગ ૭૧૦૦ વ્યક્તિઓએ ૪૦૦૦૦થી વધુ વૃક્ષો ખરીધા હતા.

આ યોજના નિષ્ફળ ગયા પછી એકમ દ્વારા જમીન વેંચી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. હાલમાં આ જમીનનો બજાર ભાવ એકરદીઠ રૂા. સાત લાખ એકસઠ હજાર જેટલો છે. એવું જાણવા મળ્યું છે કે એકમના એક ભૂતપૂર્વ ટ્રસ્ટી પાસે આ જમીનના મુળ દસ્તાવેજ છે અને


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૩, તા. ૦૫-૦૫-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

તેઓ એકમને આ દસ્તાવેજ આપતા નથી તેથી એકમને બજારભાવ કરતા ઓછી કિંમત મળે છે. એવું પણ સાંભળવા મળ્યું છે કે એકમને પણ આ જમીનની કિંમતમાંથી થોડોક ભાગ જોઇએ છે.

આ સમગ્ર લખાણ લખવાનો આશય એટલો જ છે કે એકમ આ અંગેની સાચી વિગતો બહાર લાવે.

૧) જમીનના મુળ દસ્તાવેજ કોની પાસે છે? શા માટે તેમનું નામ જાહેર નથી કરાતું?

૨) અનેક વૃક્ષ માલિકોને તેમની રકમ પાછી મળી છે. કેટલા વૃક્ષ માલિકોએ પૈસા રોક્યા હતા અને એમાંથી કેટલાને પૈસા પાછા મળ્યા? એમ પણ સંભળાય છે કે કેટલાક વૃક્ષ માલિકોએ દબાણમાં આવીને તેમની માલિકી ત્યાગવી પડી છે.

૩) એકમે જમીનના વેંચાણમાંથી મળનારી રકમની અત્યારે બાકી રહેલા વૃક્ષ માલિકો વચ્ચે વહેંચણી કરવી જોઇએ. એકમને કોઇપણ કારણ દર્શાવીને વેંચાણની રકમમાંથી એકપણ રૂપિયો લેવાનો કોઇજ અધિકાર નથી. ખરેખર તો નિતિમત્તા મુજબ એકમ દ્વારા વૃક્ષ માલિકોને નુકશાનીની ભરપાઇ કરવી જોઇએ કે જેઓએ ખૂબજ વિશ્વાસપૂર્વક એકમની યોજનામાં નાણાં રોક્યા હતા. હું આ સ્થળેથી એકમને વિનંતી કરીશ કે કોઇપણ કાયદાકીય બાબતને વચ્ચે લાવવી ન જોઇએ કારણ કે બહુમતી રોકાણકારોએ તમારામાં ભરોસો મુક્યો હતો જેને એકમે ચરિતાર્થ કરવો જ જોઇએ.

દક્ષિણ ભારત એકમની વર્તમાન ટીમ જમીનને વેંચવા માટે સખત પરિશ્રમ કરી રહી છે. હું તેમની મહેનતની સરાહના કરૂં છું અને તેમને વિનંતી કરું છું કે આપણા જ્ઞાતિબંધુઓ સાથે ન્યાય કરી તેમણે રોકેલા નાણાં તેમને પરત મળે એવું કરજો. મને ખબર છે કે એ રકમ એટલી બધી મોટી નહિં હોય, તો પણ રોકાણકાર જ્ઞાતિજનોને એમના નાણાં પુરેપુરા પાછા મળે એ વિશ્વાસમાં વૃદ્ધિદાયક બની રહેશે.

## આજે તેનો ઈન્ટરવ્યુ હતો

મનોમન નકકી કર્યું હતું કે, જો નોકરી મળી જાય તો બીજે રહેવા જતું રહેવું છે. મમ્મી પપ્પાની રોજબરોજની નાની વાતો જેવી કે, સૂઈને ઊઠે ત્યારે ચાદર સરખી કરી દે, નાહીને બહાર નીકળે ત્યારે નળ બરોબર બંધ કરવો, નાહીને શરીરનો રૂમાલ તાર પર સૂકવી દેવો, રૂમમાંથી બહાર નીકળે તો પંખો બંધ કર વિગેરે વિગેરે ફરમાનોથી એ કંટાળી ગયો હતો.

ગંતવ્યસ્થાને પહોંચ્યો. જોયું, તો... પેસેજની લાઈટ સવારે દસ વાગે પણ ચાલુ હતી. કોઈ રિસેપ્શનિસ્ટ પણ ન હતી. તેણે લાઈટ બંધ કરી કારણકે મમ્મી ની ટકોર યાદ આવી. ઓફિસના દરવાજા પર કોઈ હતું નહીં. બાજુમાં પાણી પાઈપમાંથી બહાર નીકળતું હતું. તેણે સરખું કર્યું, કારણકે પપ્પાની ટકોર યાદ આવી.

બોર્ડ માર્યું હતું કે બીજા માળે ઇન્ટરવ્યુ છે. સીડીની લાઈટ પણ ચાલુ હતી તે એણે બંધ કરી. એક ખુરશી આડી પડી હતી તે ય સરખી કરી. પહેલા માળે જોયું તો બીજા કેન્ડિડેટ પણ હતા. જે ફટાફટ અંદર જઈને તરત જ બહાર આવતા હતા. બહાર આવેલાં સહુ બડબડતા હતાં કે કોઈ કંઈ પૂછતા જ નથી. તેનો વારો આવ્યો એટલે અંદર જઈને ફાઈલ બતાવી. ફાઈલ જોયા પછી તરત જ મેનેજરે પૂછ્યુંઃ ક્યારથી જોઈન કરશો?

એને નવાઈ લાગી કે, કશું પૂછયા વગર આ જોઈન કરવાનું કહે છે. એપ્રિલ ફૂલ તો નથી ને?

બોસ સમજી ગયા, અને પ્રત્યુત્તરમાં કહ્યુંઃ ભાઈ, ચોંકશો નહીં. કોઈ એપ્રિલ ફૂલ નથી, આ એક હકીકત છે. આજના ઈન્ટરવ્યૂમાં અમે કોઈને જ કંઈ પૂછ્યું નથી. બસ CCTV માં સહુનો Attitude જોયો છે. બધા કેન્ડિડેટ આવે છે, પણ કોઈને નળ બંધ કરવાનું કે લાઈટ બંધ કરવાનું સૂઝતું નથી. એક બસ તમે જ તેમાં પાસ થયા છો. ધન્ય છે તમારા માબાપને કે જેમણે તમને આવા સંસ્કારો આપ્યા અને શિસ્તના પાઠ ભણાવ્યા છે.

જે વ્યક્તિ પાસે Self Discipline હોતી નથી તે ગમે તેટલો હોશિયાર હોય મેનેજમેન્ટમાં અને જિંદગીની દોડમાં નિષ્ફળ જ જાય છે.

આ સાંભળીને મનોમન એણે નક્કી કર્યું કે ઘેર જઈને મમ્મી, પપ્પાની માફી માંગી લઈશ અને કહીશ કે તમારી નાનીનાની ટકોર આજે મને જિંદગીના પાઠ ભણાવી ગઈ જેની આગળ મારી ડિગ્રીની પણ કોઈ કિંમત નથી.

જીવનમાં શિસ્ત અને હકારાત્મક અભિગમ કેળવીએ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# લોહીનો સંબંધ ચડિયાતો કે લેણાદેણીનો?

લાલુ અને લલીતાને ઘર સંસાર માંડ્યા બાદ ખોળાના ખુંદનારની ખોટ કાયમ મનમાં ખટકતી હતી. આ ખોટ રાત દિવસ મધમાખીની જેમ ડંખતી હતી.

જ્યાં જ્યાં આશાનું કિરણ દેખાયું ત્યા, માથું ટેકવ્યું કે માનતાઓ માની. દાંપત્ય જીવનમાં બાળક વિનાની એ એકલતા હતી! તેઓ સાથે મળી દવા-દારૂ, દોરા-ધાગા, દેવ-મંદિર-દીવા, તોરણ, સાધુ-મહાત્મા, સંત-મહંત જાપ, બધાયના આશરા લઈ ચુક્યા હતા, બન્ને હવે ખૂબ નાસીપાસ થયા હતા.તેમને જીવન નીરસ લાગવા માંડ્યું હતું. તબીબી ઉપચારોમાં કાંઈ બાકી રાખ્યું ન હતું. ભગવાન પર વિશ્વાસ ડગી જાય, દિમાગ માયુસીમાં ગરક થઈ જાય, તેવા સંજોગો ઊભા થયા.

કુદરતને કંઈક ઓર જ મંજુર હતું. માનવજ્યોતના શ્રી લુઠીયાએ એ દંપતિના હાથમાં જે સંસ્થાઓ બાળક દત્તક આપી શકે, તેમનું લીસ્ટ પકડાવ્યું. પોતાનું બાળક હોય તે કોને ન ગમે? પણ તે વિકલ્પનોય છેદ ઉડી ગયો. એ પ્રક્રિયા લાંબીલચક અને લાંબા પેપર વર્કની લાગતાં, વિવિધ સંસ્થાઓની મુલાકાત લેવાનો તેમનો સિલસિલો પણ અટક્યો. મા-બાપ વિહોણાં બાળકોને અપનાવવાનો અને બાળક વિના ઝુરતા યુગલોને બાળક દત્તક અપાવી તેમનું ઘર અજવાળતી સંસ્થા એટલે માનવજ્યોત.

આશ્રયહીન બાળકોને પ્રેમાળ દંપત્તિઓ સાથેનું સંયોજન કરવાનું વિરલ કાર્ય બાળક દત્તકની કાર્યવાહી કરવી તે છે.
છોકરો કે છોકરી કોને ગોદ લેવી તેની અસમંજસમાં પતિ-પત્નીના મતભેદમાં થોડો વધુ કિંમતી સમય વેડફાયો. ફાઈનલી, છોકરો જ કુટુંબનો ખરો વારસદાર બની શકે, એવા મક્કમ નિર્ધાર સાથે છોકરો જ દત્તક લેવો એવો નિર્ણય લેવાયો.

આશ્રયહીન બાળકો તથા સંતાનહીન પરિવારના મુંગા આશીર્વાદ મેળવવાનું ઉમદા સેતુનું કાર્ય કરતી સંસ્થા તે માનવજ્યોત. ઘરમાં હસતું, રમતું, રડતું, તોફાન કરતું, સ્પંદનોથી ઘરને ભરી દેતું, મીઠું હસતું, ચુમતું અને રિસાતું માનતું, અને માની ગોદમાં સમાઈ જાય, તેવા બાળકની કલ્પનાથી જ એ સંતાનવિહોણા ખૂબ નિરાશાવાદી બની ચુકેલા એ પરિવારમાં આશાનું કિરણ ઝબક્યું.

એ નિઃસંતાન દંપત્તિને, કિલ્લોલ કરતા બાળક માટે, વિવિધ સંસ્થાઓમાં માનવજ્યોતનું નિષ્ઠા અને ભક્તિભાવથી, સરકારની આંટીઘૂટી, લાંબા લચક ફોર્મ ભરવાની પ્રક્રિયામાં અતિ મુલ્યવાન માર્ગદર્શન મળ્યું. અનેકના પરિવારમાં આનંદ અને ખીલખીલાટ વહેતો કરતી માનવજ્યોત સંસ્થાનું નામ સાંભળતાં જ સેવાલક્ષી સંસ્થાના અધિકારીઓ પણ પોતાનું સેવાકીય યોગદાન માર્ગદર્શન દ્વારા પુરૂ પાડ્યું.

આશ્રયહીન બાળકોને પ્રેમાળ દંપત્તિઓ સાથેના સંયોજન કરવાનું વિરલ કાર્ય તે બાળક દત્તકની કાર્યવાહી કરવી તે છે.

આ વિરલ કાર્યને સફળ બનાવવાના ઉદ્દેશ્યથી, જુનાગઢની એક સેવાલક્ષી સંસ્થાની મુલાકાતે જવા શ્રી લુઠીયા અને લાલુ-લલિતા ત્રણે જણાંએ પ્રવાસ ખેડ્યો.

આ મુલાકાત અગાઉ બન્ને પતિ પત્ની એક જ વાતનું રટણ કરતા હતા કે તેમને દત્તક લેવા છોકરાની જ પસંદગી કરવી છે, છોકરીની નહી જ.

સંસ્થાની ઓફીસના પ્રવેશદ્વાર સુધી પહોંચવા રમતગમતનું એક નાનકડું મેદાન પાર કરવું પડતું. મેદાનમાં નાના બાળકો એકબીજાને પકડાપકડીની રમત રમી રહ્યાં હતાં. એવામાં અંદર જઈ રહેલી એ મહેમાન મહિલા સાથે એક બાળકી અથડાઈ. આ ચુલબુલ બાળકી, 'આંટી સૉરી' કહી, અન્ય છોકરીઓના જુથમાં જતી રહી.

દત્તકની વિધિમાં આશ્રમના અધિકારીએ પ્રથમ ઘોડીયામાંના કુમળા બાળકો બતાવ્યા, જે એ પતિ પત્નીને પસંદ ના પડ્યા. પછી વારો આવ્યો અન્ય તેમનાથી મોટી ઉંમરના બાળકોનો. છોકરાની જ પસંદગી કરવાની હોવાથી, જે બાળકો બતાવાયા તે પસંદ ના પડ્યા. એવામાં પેલી બાળકી જે અથડાઈ હતી, તે અન્ય છોકરીની પોતાની ફરિયાદ લઈ મોટાબેન પાસે આવી. પોતાની ચુલબુલ ભાષામાં તેણે મહેમાનોની હાજરીમાં, મોટાબેનના કાનમાં ધીરેથી કંઈક કહ્યું. એ છોકરીના ત્યાં પ્રવેશતાં એ પતિ પત્ની એ પણ તેની તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. ફરિયાદ કરતી કુમળી કન્યાને અમે ત્રણે જોઈ રહ્યા હતા. તેની ચુલબુલી ભાષાથી પ્રભાવિત થયા હતા.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

થોડી જ પળોમાં તે બાળકી ત્યાંથી જતી રહી. એ ટુંકા સમયના ગાળામાં એ મહિલાના મગજમાં એક ચમત્કાર થયો. એક છોકરા કરતા આ છોકરી ઉપર જ પસંદગી ઉતારીએ તો? તેમના પતિના મગજમાં પણ લગભગ તેવો જ વિચાર આવ્યો.

એક સુવિચાર માનવીની જિંદગીમાં કેટલા સારા પરિણામો લાવી શકે છે, તેની માત્ર કલ્પના જ કરવી રહી. કહેવાની જરૂર નથી એ બાળકી ઉપર જ ભાવવિભોર બની પસંદગી ઉતારાઈ હતી. આજે લાડલીની બધીય કાયદેસરની કાર્યવાહી પુરી થઈ. આજે લાલુ, લલીતા અને લાડલી ખુશમખુશ છે. ખૂબજ આનંદ પ્રમોદથી એ લાડલી, તેમને ત્યાં ઉછરી રહી છે.

આજે તા. ૧૫.૦૩.૨૦૧૨ને સોમવારે લાડલીના શુભ લગ્ન રજીસ્ટર્ડ મેરેજથી થાણાં થઈ રહ્યાં છે. એકાદ કલાકનું રીસેપ્શન છે. સમારંભ નાનકડા પાયે ગોઠવાયેલું છે. મર્યાદિત સંખ્યામાં આમંત્રિતો હાજર છે.

એવા સમયે હું સમારંભના પ્રવેશદ્વારે આમંત્રિત તરીકે પહોંચ્યો. તુરંત મારી તરફ નાનકડા સ્ટેજ પરના વર વધુએ સ્ટેજ પરથી નીચે સાવધાનીપૂર્વક ઉતરી, મારી તરફ આવ્યા અને બન્ને, એક સાથે મારા ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા.

ચાર વર્ષ પછી કન્યાના પિતા લાલુભાઈ કે જેમણે એ કન્યાને દત્તક લાડલીના લગ્નને લીધી હતી, તેમને અચાનક કીડની ફેઈલની ગંભીર બીમારી આવી પડી.

કીડની ડાયાલીસીસથી જ દરદીની પીડા હળવી થઈ શકે. તે માટે એ યુગલ માનવજ્યોતના કાર્યાલયમાં આવ્યા. સંસ્થા અન્ય કીડનીના દરદીઓની જેમ એમને પણ રાહત દરે દવા આપવામાં, ઈંજેક્શન આપવામાં, ડાયાલીસીસની સારવારની સાધનસામગ્રી આપવામાં મદદરૂપ બની!

નેફ્રોલોજીસ્ટ-કીડની સ્પેશીયાલીસ્ટ ડૉક્ટરે જણાવ્યું કે કીડની ટ્રાન્સપ્લાન્ટ જ એક પર્યાયરૂપે બચ્યું છે.

કુટુંબના અન્ય સભ્યોનું બ્લડ ગ્રુપ મેચ થતું ન હોવાથી, નિરાશ વદને બેઠેલા લાલુભાઈને ઘેર અચાનક દીકરી જમાઈરાજ આવી ચડ્યા.

હાલચાલ પૂછ્યા બાદ, બેઠક લેતાં, ટ્રાન્સપ્લાન્ટની વાત નીકળી. કિડની દાનમાં આપવી એ કાંઈ નાનીસુની વાત તો નથી જ.

જમાઈએ ટ્રાન્સપ્લાન્ટ માટે કિડની આપવાની તૈયારી દર્શાવી. વિના વિલંબે ક્રોસ મેચ કરતાં સુંદર પરિણામો દેખાયા. આજે એ પરિવારો એકબીજાના સુખમાં-દુઃખમાં સાથી છે, તે પુરવાર કરી માણસાઈના દીવા પ્રગટાવ્યા. પરસ્પર વાત્સલ્યના અમીઝરણાં વરસ્યાં.

સંબંધોનો સરવાળો ક્યારેક ગુણાકારમાં પરિવર્તિત થાય છે આનું નામ ખરા અર્થમાં માનવતા.

સેવા, સમર્પણ, સંવેદના, સ્નેહ અને સહાનુભૂતિનું પરમ પંચામૃત એટલે જ આ માનવતા.

નિષ્કામ અને નિઃસ્વાર્થ સેવા કદીય એળે જતી નથી. ઈશ્વરને આપ્યું તેનાથી બમણું માણસને પરત કરે છે. સેવા એ જ આનંદની પરમ પાવન પગદંડી છે.

પરોપરકાર કરવાથી આપણું સુખ બેવડાઈ જાય છે, ડબલ થઈ જાય છે.

કહેવાયું છે કે Kindness is the sincere and voluntary use of ones time, talent and resources to better the lives of others through genuine acts compassion, generosity and service.

So Be good and Do good.

**- કુલીનકાંત ચાંપશી લુઠીયા**-૯૮૨૦૦૩૯૪૬૯


## અનુમોદના.. અનુમોદના.. અનુમોદના

### ધન્ય તપસ્વી.. ધન્ય તપ....

**પ.પૂ.સા. શ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી અમારા પરિવારમાં ત્રણ ત્રણ વર્ષીતપનાં સર્વ પ્રથમ આરાધક**



### કુ. ફોરમ રાજેશ મૈશેરી

**અ.સૌ. ગીતાબેન રાજેશ મૈશેરીની સુપુત્રી- મોટી સિંધોડી (હાલે વિરાર)**

**માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરીની પૌત્રી**

**લી.**

**માતુશ્રી કુંવરબાઈ રતનશી મૈશેરી પરિવાર [મોટી સિંધોડી]**

**માતુશ્રી હીરબાઈ ગોવિંદજી છેડા પરિવાર સુથરી હાલે [ગાંધીધામ]**



# ચલતે... ચલતે...


સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫


ભાગ - ૧૦


લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭











(૧) ''નારીરત્ન'' એવોર્ડ ડી.બી.કે.ડી.ઓ. મહિલા મંડળ-હૈદ્રાબાદ, તા. ૧૪/૦૧/૨૦૦૮, (૨) ''નારી તું નારાયણી'' કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ, એવોર્ડ સ્વીકારતા શ્રીમતી શૈલાબેન નરેન્દ્ર લોડાયા (બારોઈ-જલગાંવ) તા. ૧૩/૦૩/૦૧૬, પ્રસ્તુતકર્તા સૌ. માલતીબેન હરીશ ધરમશી (જખ્ખૌ-નવી મુંબઈ)

થોડા દિવસ પૂર્વ **kdovp.com** ઉપર એક જાહેરાત જોઈ. ''જલ્લોસ્તવ''. જિજ્ઞાસા હોવાથી ક્લીક કર્યું અને અતીતની અટારીએ ખોવાઈ ગયો. જલગામમાં યોજાયેલ ક.દ.ઓ. જ્ઞાતિના રમત-ગમતના ઉત્સવમાં શ્રીમતી શૈલા નરેન્દ્ર લોડાયા જે ''શૈલાકાકી''ના હુલામણા નામથી આદર પામ્યા છે, તેમને એવોર્ડ સ્વીકારતા તથા સફળ થયેલ ઉમેદવારોને આપતા જોયા.

હું ઈ.સ. ૧૯૯૨થી ૧૯૯૮નાં વર્ષો દરમ્યાન ના મારા સ્મૃતિવનમાં ભટકવા લાગ્યો. તે વર્ષોમાં ''શ્રી મહારાષ્ટ્ર એકમ''ના નેજા હેઠળ, ઉજવાતાં વાર્ષિકોત્સવમાં દર વર્ષે કંઈક કૃતિ, નાટ્ય, નૃત્ય કે પોતાનાં ગ્રુપના કાર્યક્રમનું 'સફળ' સંચાલન કરતાં ''શૈલાકાકી''ના અવિસ્મરણીય યાદોને આજે મમળાવાની ઈચ્છા છે.

(મને તે સમયે ''કચ્છરત્ન'' શ્રી નરશી જેઠાભાઈ દંડ-પ્રમુખશ્રી મહારાષ્ટ્ર એકમ તરફથી ઈજન મળેલ કે મલકાપુર આવી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, દોરવણી અને સંચાલકની જવાબદારી સંભાળવાની છે. આ વિષયે વિગતવાર એક લેખ જુન-જુલાઈમાં).

''શૈલાકાકી''ની સુર્વણમય વણથંભી કારકિર્દીનો પરિચય કરાવવાની પહેલા તેમની સાથે ઓળખાણ કરી લઈએ. મહારાષ્ટ્રનાં મરાઠાવાળાના કે.ડી.ઓ. ક્ષેત્રમાં તેમનું નામ આજે પણ ગુંજે છે.

લગ્નગીતો, ગુરુગુણ ગહુલીઓ, સ્વાગત ગીત ઈત્યાદિનાં રચયિતા, ગાયક તરીકે સુર-લય અને સંગીત પર પોતાનું આધિપત્ય જમાવ્યું છે.

ઈ.સ. ૧૯૫૫માં જન્મેલા ચિ. શૈલા એ બાળપણમાં દૂધ નાં બદલે શાસ્ત્રીય, સુગમ સંગીતની તેમજ પ્રખ્યાત ગાયકોની રેકોર્ડનો ભુક્કો કરી દૂધમાં ભેળવી પી ગયા હશે, તેથી ત્રણ વર્ષની ઉંમરે બીજાઓ તો ભેંકડો તાણતા હોય પણ તેમણે ગીત ગાવાની શરૂઆત કરી, ૯માં વર્ષે તો ''કેડબરી ફુલવારી રેડિયો કાર્યક્રમ''માં ભાગ લઈ રેડિયો સ્ટાર બન્યા. ત્યાર પછી તો સુગમ સંગીત, સ્વરચિત ગીત, ધાર્મિક સ્તવનો, મહાકાળી માતાજીની ભાવનાં એમ દરેક ક્ષેત્રે પિયરિયા અને સાસરિયાનાં નામ ''જ્યોતિ કલશ છલકે''ની માફક છલકતાં કર્યા છે. (તેમનો વધુ પરિચય ફોટા સહિત આવતા અંકમાં...)

**અમે ભવિષ્યમાં ''ભારતીય નૃત્યો'' ઉપર એક લેખ કરવા ઈચ્છીએ છીએ કારણ કે આપણી જ્ઞાતિની કુમારિકાઓ અને યુવતીઓ તેનું પ્રશિક્ષણ લઈ, સ્ટેજ પર અભિવ્યક્ત કરી ઈનામો મેળવ્યા છે. જો આપ તેમાંના એક હો, અથવા આપનાં કુટુંબીજનો કે પરિચિતોમાં કોઈ હોય તો પુરી વિગત સાથે વોટ્સએપ નંબર ૯૭૨૬૭ ૭૬૬૨૭ પર સંપર્ક કરો.**

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)



# શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ

શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, લક્ષ્મીનિવાસ, કામાલેન,
ઘાટકોપર (વેસ્ટ) મુંબઇ-૪૦૦ ૦૮૬. ફોનઃ ૨૫૧૩૩૧૭૪ ૨૫૧૦૦૧૫૭



## -: નવા એડમીશન ફોર્મ્સ આપવાની કાર્યવાહી બાબત :-

**શાળા વિભાગ કોલેજ વિભાગઃ અરજીપત્રક ભરવાની છેલ્લી તાઃ ૩૧ મે ૨૦૨૨**

**નોંધઃ તા ૩૧.૦૫.૨૨ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

શાળા વિભાગ(ધોરણ ૫ થી ૧૨) ઇન્ટરવ્યુઃ તા. ૧૧/૦૬/૨૨ ; સવારે ૧૦.૩૦ વાગેથી

કોલેજ વિભાગ ઇન્ટરવ્યુઃ તા. ૧૨/૦૬/૨૨ ;સવારે ૧૦.૩૦ વાગેથી

**૧૦ જુન ૨૦૨૨ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે.**

વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની ફી સવલતો આપવામાં આવે છે.

ધોરણ ૧૧,૧૨ અને FY. ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ત છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઇન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાચનાલય, પુસ્તકાલય જેવા વિવિધ લાભો બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

નોંધ;- અરજીફોર્મ **www.kdoedu.com** વેબ સાઈટ પરથી ડાઉનલોડ કરી, પૂર્ણ ભરી ફોર્મની સોફ્ટ કોપી સંસ્થાનાં ઇમેલ એડ્રેસ **vlvgdesk@gmail.com** પર મોકલી આપવી. ફોર્મની હાર્ડ કોપી જરૂરી ડોકયુમેંટ સાથે સંસ્થાનાં ઉપરોક્ત એડ્રેસ ઉપર કુરીયરથી ૩૧.૦૫.૨૦૨૨ સુધી મોક્લાવવાનાં રહેશે.

---

શ્રી ગોડીયાજી પાર્શ્વનાથાય નમઃ

# શ્રી રાપરગઢ નાનીસિંધોડી જૈન સંઘ આયોજીત
# ૧૩૦મો ધ્વજારોહણ મહોત્સવ

શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ જીનાલયના ૧૩૦માં દ્વિદિવસીય ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે રાપર નાની સિંધોડીના મુંબઈ સ્થાનિક કે બહાર ગામ વસતા ભાઇઓ બહેનો અને નિયાણી બહેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ

**તા ૮-૬-૨૨ જેઠ સુદ નવમ બુધવાર અઢાર અભિષેક બપોરે ૨:૦૦ વાગે. રાત્રે ભકિત ભાવના**

**તા ૯-૬-૨૨ ગુરૂવાર જેઠ સુદ દસમ સવારના ૯:૦૦વાગ્યાથી હર્ષ ઉલ્લાસથી ધ્વજારોહણ**

## શુભ નિશ્રા : પૂજ્ય શ્રી મુક્તિરત્નશ્રીજી મહારાજ સાહેબ
## શુભ આશિષ : મહાયશાશ્રીજી મહારાજ સાહેબ

## લાભાર્થી પરિવાર : મા.મણીબાઇ નરશી લોડાયા પરિવાર

લીઃ શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ

| | | | | |
|---|---|---|---|---|
| ગૌતમ લોડાયા | ૮૧૬૦૧૯૮૬૦૧ | સં | નરેન્દ્ર મોતા | ૯૮૨૦૬૯૦૯૦૪ |
| ચંદુલાલ મૈશેરી | ૯૮૩૩૧૫૧૨૫૮ | પર્ક | ધર્મિલ નાગડા | ૭૦૨૧૮૫૬૭૩૫ |

**આરોગ્ય પ્રકાશ**

# અનિદ્રા અને તેના ઉપાય

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



ઉંઘ એ એક કુદરતી પ્રવૃત્તિ છે છતાં તે ખૂબજ મહત્ત્વની છે કારણ માણસ ખોરાક, પાણી વિના રહી શકે છે. ચોવિહાર અઠ્ઠાઈ કરનાર ઘણા જણાં છે. માસખમણ કરનાર અનેક છે. ૫૧-૮૦ ઉપવાસ કરનાર તેમજ અનેક ઉપવાસનો વિક્રમ કરનાર પણ નોંધ્યા છે. જ્યારે ઉંઘ કર્યા વગર અનેક દિવસ રહેવું કઠીન છે. એટલું જ નહિં તે ધોખાદાયી પણ છે. એનું ખાસ કારણ છે કે ઉંઘ દરમ્યાન શરીરના કેટલાક અવયવો-લીવર, કીડની, નાનુ-મોટું આંતરડું. Detoxizied (શરીરના ઝેર બહાર કાઢી) થઈ પાછા Reset થઈ સક્રિય બને છે. તે સિવાયના મગજથી લઈને હૃદય સુધીના દરેક અવયવને આરામ મળે છે. અને કામ કરવા સતેજ બને છે. સાધારણ રીતે ૬ થી ૮ કલાકની શાંત ઉંઘ થવી જ જોઈએ. બાળકો વધુ સમય ઉંઘે છે. જેમ જેમ ઉંમર વધે તેમ ઉંઘ ઘટે છે. દરેક વ્યક્તિની ઉંઘની જરૂરિયાત અલગ અલગ હોય છે. કફ પ્રકૃતિવાળાની ઉંઘ ગાઢ હોય છે. જ્યારે વાત-પિત્ત પ્રકૃત્તિવાળાને ઉંઘ ઓછી હોય છે. (તેથી જ વાત પિત્ત વધે તેવો આહાર લેવો ઉચિત નથી).

ઉંઘ ઓછી કે અશાંત હોય તો થાક લાગે, અપચન થાય, સ્ફૂર્તિ ન રહે, વધુ દિવસ આ તકલીફ રહે તો નાની-નાની વાતમાં ગુસ્સે થવાય, બી.પી., બ્લડસુગર વધે, યાદશક્તિ ઘટે, આંખો આસપાસ કાળા કુંડાળા થાય,હાર્ટ અટેકનો ભય વધે, લોહીમાં ટ્રાયગ્લીસરાઈડ વધે, નિરાશા અને સ્ટ્રેસ વધે અને બુઢાપો જલ્દી આવે. આ ઉપરાંત ઉંઘ ઓછી થાય તો લેપ્ટીન નામનું રસાયણ ઓછું ઉત્પન્ન થાય. આ રસાયણ ભૂખનું નિયંત્રણ કરે છે તેના કારણે ભૂખ વધે અને પરિણામે વજન વધે, જાડાપણું વધે. ઉંઘના ઘટવાથી મગજમાં સ્ટેરોઈડ વધી જાય, હોર્મોનલ ઈમ્બેલેન્સ થાય, નિરાશા ઉત્પન્ન થાય. આમ આ સર્વ તકલીફોનું વિવરણ કરવાનું કારણ એ જ કે સૌ સતર્ક બને, રાત્રે સમયસર ઉંઘે તેમજ શાંત ઉંઘ લઈ નિરોગી રહેવાની કોશિષ કરે. તો જાણીએ શાંત ઉંઘ મેળવવાના ઉપાય.

૧) સુખાસન, સવાસન, ધ્યાન-મેડીટેશન, મનનો થાક ઉતારે છે તેથી સારી ઉંઘ આવે છે. ધ્યાનથી મગજમાં તરંગો વધે છે જે આનંદ, શાંતિનો ભરપુર સ્રોત છે. લોમ અનુલોમ અને ઉંડા શ્વાસ લેવાથી સારી ઉંઘ આવે. સુતા પહેલા પદ્માસનમાં બેસી ત્રાટક કરવું-નજરની સામે જ્યોત, બિંદુ કે યંત્ર પર ધ્યાન-દ્રષ્ટિ કેન્દ્રીત કરવી (જ્યાં સુધી આંખમાં પાણી આવે કે પાંપણ બંધ થાય ત્યાં સુધી)આંખોની જેને તકલીફ હોય તેમણે આ ત્રાટક ન કરવું.

૨) બ્રાહ્મી, શંખપુષ્પી, જટામાંશી ત્રણે પાવડર અલગ-અલગ ૧૦૦-૧૦૦ ગ્રામ દરેક લઈ તેને ચાળી મિક્સ કરી રાખવા રોજ રાત્રે આ પાવડર એક ચમચી દૂધ કે પાણી સાથે લેવું.

૩) પિપરા મૂળ-ગંઠોડા એ મનને શાંત કરનાર દવા છે આ પાવડર ૧ ચમચી દૂધ સાથે લઈ શકાય.

૪) ગુંદરને કડાઈમાં પ્રથમ સહેજ શેકી લ્યો પછી તેમાં ૬-૭ ટીપા જ ઘીના નાખતાં ગુંદર ફૂલી જશે આ ફૂલેલું ગુંદર ઠંડો થતાં તેનો પાવડર કરી ભરી લ્યો. રોજ રાત્રે હુંફાળા (વધુ ગરમ નહીં) દૂધમાં આ પાવડર ૨ ચમચી નાખી પીવાથી બહુજ સારી શાંત ઉંઘ આવે છે આ પ્રયોગનો સારો ફાયદો મળે છે.

**Mahavir Sarees (Santacruz West)**

વ્યાજના દરમાં વધારો, સોના-ચાંદીના ભાવમાં ઘટાળો થાય એનાથી પહેલા તમારી જુની સાચી જરીના ઘરચોળા, સાચી જરીની સાડી, સાચી જરીના ચણીયા-ચોળી, સાચી જરીની બોર્ડર તથા બ્લાઉઝ, સાચી જરીની બટકસબની સાડી, સાચી જરીના સેલા તથા સાચી જરીના નાના પીસીસ પણ સારા ભાવે વેચાતા લઈશું. - રોકડા પૈસા આપવામાં આવશે. બીજે ક્યાંય જતા પહેલાં અવશ્ય મુલાકાત લો.

**Best value of your old goods - Sunday Closed**

મહાવીર સારીઝ, મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે
સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વે). મો.: ૯૬૧૯૫ ૫૪૮૦૧ / ૯૧૩૭૧ ૪૬૨૭૨

**લગ્ન સંબંધી**

કર્ણાટક સ્થિત ૧૯૯૧માં જન્મેલ કુંવારા યુવક માટે સરળ અને સંસ્કારી યુવતીના વડીલો સંપર્ક કરો : **Mob.: 98814 74742.**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

૫) દિવસભર ફક્ત બેસીને કામ કરવાથી શરીરને ખાસ થાક લાગતો નથી. તેથી જ દિવસ દરમ્યાન કસરત કરવી કે ઘરમાં સફાઈ જેવા નાના મોટા કામ કરીએ, કે પોણો કલાક ઝડપથી ચાલવાથી શરીર થાકે અને પરિણામે સારી ઉંઘ આવે.

૬) ઓફિસના, ધંધાના કામ અર્થે મન પર કામની ચિંતાનો બોજ એ આજકાલ સૌ માટે મુખ્ય પ્રશ્ન છે. આ ચિંતાની તાણ લઈને પ્રશ્ન હલ નહીં થાય તે માટે કામકાજને ક્રમવાર કાગળ પર નોંધી અને આ સર્વકાર્ય આવતીકાલે પતાવી નાખવા કોશિષ કરવાનો વિચાર કરતાં મન પર તાણ નહીં રહે. લખીને કે પતાવવાના વિચાર કર્યાથી હલ ન થનાર પ્રશ્નોને ઈશ્વર ભરોસે છોડવાથી મન હળવું થશે.

૭) સગાવહાલા-સંબંધીઓને લીધે મન પર કોઈ તાણ હોય તો માફ કરવાના વિચારથી મન હળવું બનશે અને મન પર વેર-ઝેરની તાણ નહીં રહે.

૮) આપણે આપણા કર્મ કરવા, બાકી ભગવાન પર છોડવું ઉત્તમ છે. ઉંઘ ન આવે તો ગોળીઓ લેવા કરતાં આપણા મન પર જ સારો ઉપચાર કરવો જરૂરી છે. મનને સારા વિચારની ટેવ પાડવી એ રામબાણ ઈલાજ છે. કોઈનું ભલું કરવાથી મનને આનંદ અને સંતોષ મળે. મનમાં શાંતિ, સંતોષ અને સમાધાન હોય તો ચોક્કસ ઉંઘ આવે. શુદ્ધ અને સાફ મન જેવું કોઈ ઓશીકું દુનિયામાં નથી. આપણી મહેનત કરી બાકીનું ભગવાન પર છોડવું, મનમાંથી કપટ, છેતરપીંડીં, વધુ પડતો સ્વાર્થ, વેરઝેર કાઢી સંતોષ અને સમાધાનથી દિવસ વિતાવીએ તો વગર ઓશીકે બાળકની જેમ શાંત, મીઠી ઉંઘ આવે.

૬-૭ કલાકની શાંત ઉંઘ કરો અને ઘણી બિમારીઓથી બચો.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત

**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઇ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ**



શ્રી ભવાનજી અરજણ ખીમજી એજયુકેશનલ કેમ્પસ
લક્ષ્મી નિવાસ, કામા લેન, ઘાટકોપર (વે), મુંબઈ - ૪૦૦૦૮૬
ફોન નં.૦૨૨-૨૫૧૩૩૧૭૪ ૦૨૨-૨૫૧૦૦૧૫૭

**નર્સરીથી ધોરણ ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય**
**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧ મી ઓગષ્ટ ૨૦૨૨ છે**



**નોંધ : અરજીફોર્મ www.kdoedu.com વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી, પૂર્ણ ભરી, જરૂરી ડોકયુમેંટ સાથે સંસ્થાનાં ઉપરોક્ત એડ્રેસે કુરીયરથી મોકલાવવાનાં રહેશે. વિશેષમાં વાલીના આધારકાર્ડ,પેનકાર્ડ તથા જે બેંકમાં ખાતું હોય તે બેંકના કેનસલ્ડ ચેકની ફોટો કોપી મોકલાવવાની અગત્યની રહેશે.**

**જ્ઞાનદાન શ્રેષ્ઠદાન**

મોત્તા પરિવારનાં વિદ્યાર્થીઓનાં વાલીને જણાવવાનું કે ચાલુ વર્ષથી
તેમના સંતાનની શૈક્ષણીક સહાય અર્થે તેમણે નીચે જણાવેલ
ફોન નંબર ઉપર સંપર્ક સાધી અરજી ફોર્મ મેળવી ભરવાનાં રહેશે.
ફોર્મ ઈમેલ ambamaatrustgmail.com,
tanmantourgmail.com, પર પણ મોકલાવી શકાશે.
સંપર્ક : Tel: 022- 25903514 / 15 / 16

**જ્ઞાનદાન શ્રેષ્ઠદાન**


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

# ચેરીટેબલ અને ધાર્મિક ટ્રસ્ટમાં ધરખમ ફેરફારો અને યાદ રાખવા જેવી બાબતો

**સી.એ. દિનેશભાઈ આર. શાહ / સી.એ. શ્રેયા દોશી**

૧) ટ્રસ્ટની આવકમાં ટેક્ષ ન ભરવો હોય તો ટ્રસ્ટ રજીસ્ટર થયેલ હોવું જોઈએ તથા રીટર્ન ઓફ ઈન્કમ, ફોર્મ નં. ૧૦બી, ઓડિટ રીપોર્ટ સમયસર ભરાઈ જવા જોઈએ જેથી ટ્રસ્ટને કલમ નં. ૧૧ તથા કલમ નં. ૧૨નો ફાયદો મળશે અને કલમ નં. ૧૩માં જે બંધનો ચેતવણીઓ આપેલ છે તેનું સખત રીતે પાલન કરવું જરૂરી છે.

૨.૧) પહેલી એપ્રિલ ૧૯૬૧ બાદ કોઈપણ ચેરીટેબલ અને ધાર્મિક ટ્રસ્ટ દરેક જાહેર જનતા માટે હોવા જોઈએ. ચેરીટેબલ ટ્રસ્ટ કોઈપણ ધાર્મિક જાતિ, ન્યાત માટે ન હોવા જોઈએ. ટુંકમાં કોઈપણ ચેરીટેબલ ટ્રસ્ટ કોઈપણ ધાર્મિક જાતિ, કાસ્ટ, કમ્યૂનીટી માટે ન હોવા જોઈએ. અપવાદ રૂપ કોઈપણ ચેરીટેબલ ટ્રસ્ટ ૩૧મી માર્ચ ૧૯૬૧ અથવા પહેલાના હોય તો ચાલી શકશે.

૨.૨) દરેક જાતના ટ્રસ્ટ ચેરીટેબલ અથવા ધાર્મિક ટ્રસ્ટ સંસ્થા (ટ્રસ્ટ ચેરીટી કમીશનર આગળ અથવા કંપની ફોર્મમાં હોઈ શકે) કમીશનર ઓફ ઈન્કમટેક્ષ પાસે કલમ ૧૨એ અથવા ૧૨ એચ અને હવેથી ૧૨ એબી ઈન્કમટેક્ષ કમીશનર આગળ રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે. નવા સુધારેલા કાયદા પ્રમાણે દરેક ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન તથા ૮૦જી સર્ટીફિકેટ ફરજીયાત રીન્યુ કરાવવું જરૂરી છે, અને આની તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૨ છે તેની ખાસ નોંધ લેવા વિનંતી છે. જો આપ ટ્રસ્ટને સુધારેલા કાયદા નિયમો પ્રમાણે રીન્યુ નહીં કરો તો ટ્રસ્ટ ને કલમ નંબર ૧૧ તથા ૧૨ની કલમોનો ફાયદો નહીં મળે એટલે કે આપના ટ્રસ્ટના રૂા. ૧ કરોડમાંથી માત્ર ૨૫ લાખ જ વપરાયેલા છે, તો આપને રૂા.૭૫ લાખ પાંચ વર્ષમાં વાપરવા (ફોર્મ નં. ૧૦ રીટર્ન ભરવાની તારીખ રહેલા ભરી દઈ) ની સુવિધા સગવડ નહીં મળે અને ટ્રસ્ટે રૂા. ૭૫ લાખ ઉપર અત્યારના કાયદા પ્રમાણે ૪૨% ટેક્ષ ભરવો પડશે અને સુધારેલા બજેટ ૨૦૨૨માં સુચવેલ કાયદા પ્રમાણે ૩૦% તથા સરચાર્જ અને સેશ ભરવાના રહેશે.

૨.૩) જો આપ ટ્રસ્ટ રીન્યુ કરવામાં ઢીલ કરશો તો આપને એક વર્ષમાં ટેક્ષ ભરવો પડશે. આપનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ તથા ૮૦જી રીન્યુલ (જુના ટ્રસ્ટો માટે) પાંચ વર્ષ માટે હશે. પરંતુ આપે ફરીથી રીન્યુ કરવા માટે છ માસ પહેલા અરજી કરી દેવાની રહેશે એટલે કે રીન્યુઅલ માટે ૩૦મી સપ્ટેમ્બર-૨૦૨૫ જો આપ ચૂકી જશો તો તમારે મુસીબત થશે. એક વર્ષમાં કદાચ રજીસ્ટ્રેશન મોડું મળશે અને કલમ નં.૧૧ તથા ૧૨નો ફાયદો નહીં મળે. વધારાની આવક પાંચ વર્ષ માટે વાપરવાની છૂટ નહીં મળે અને આવી રકમ ઉપર ટેક્ષ ભરવો પડશે.

૨.૪) નવા ટ્રસ્ટો માટે ખાસ ધ્યાન રાખવા જેવી બાબતો:

નવું ટ્રસ્ટ બનાવો તો પ્રથમ ચેરીટી કમીશનર પાસે રજીસ્ટ્રર કરાવી તમારે વર્ષ પૂર્ણ થાય તે પહેલા જ ઈન્કમટેક્ષ કમીશનર સાહેબ પાસે કલમ ૧૨ એબીમાં રજીસ્ટ્રેશન માટે અને ૮૦જી માટે અરજી કરી દેવાની રહેશે. દા.ત. ટ્રસ્ટ ૩૦મી જુન-૨૦૨૧નાં ચેરીટી કમીશનર પાસે રજીસ્ટ્રર કરાવેલ છે, તો તમે તુરંત જ ઈન્કમટેક્ષ કમીશનરને ફોર્મ ૧૨ એબી તથા ૮૦જી માટે અરજી કરી દો. આના લીધે તમને પ્રોવિઝનલ સર્ટીફીકેટ તા. ૧-૪-૨૨થી અમલમાં આવે એ રીતે ૧૨એબી તથા ૮૦જી સર્ટીફીકેટ મળશે. પરંતુ આ સર્ટીફિકેટ તા. ૧-૪-૨૨થી અમલમાં આવે એ રીતે ત્રણ વર્ષ માટે આપશે અને આપ ટ્રસ્ટમાં પ્રવૃત્તિ ચાલુ કરો એટલે છ માસમાં નવી અરજી કરવાની રહેશે પરંતુ આળસમાં રજીસ્ટ્રેશનની અરજી તા. ૧.૪.૨૦૨૨ પછી પરંતુ


\\ મહાવીરાય નમઃ \\

**સોમનાથ ટુર્સ અને ટ્રાવેલ્સ**

**અમારી સેવાઓ**

- ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કચ્છના તમામ શહેરો માટે બંને તરફથી વનવે ભાડામાં આવવા જવા માટે ટેક્ષી
- વનવે તથા રિટર્ન ટ્રીપ માટે વિશેષ સુવિધા
- જૈન તીર્થધામો માટે વિશેષ સુવિધા
- અનુભવી ડ્રાઈવરો સાથે 24 x 7 અને 365 દિવસ કાર્યરત

વધુ માહિતી માટે સંપર્ક કરો **નિરવ મુનવર : 8320965711**



**Exclusive Embroidery & Upto date Finishing**

**જ્યોતિ** *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on

૩૧.૩.૨૦૨૩ પહેલા કરશો તો સર્ટીફિકેટ તા. ૧.૪.૨૦૨૩ અમલમાં આવે એ રીતે સર્ટીફિકેટ કલમ ૧૧ તથા ૧૨નો ફાયદો મળશે. તા. ૧.૪.૨૨ થી ૩૧.૩.૨૦૨૩ માટે કલમ ૧૧ તથા ૧૨ના ફાયદા નહીં મળે અને ટ્રસ્ટનાં સરપ્લસ વધારાની વાપર્યા વગરની આવક ઉપર તમારે ટેક્ષ ભરવો પડશે.

૩) નવા કાયદા મજુબ ઈન્કમટેક્ષ કમીશનરને ખુબજ સત્તાઓ આપવામાં આવી છે અને એ નવા સુધારેલા કાયદા મુજબ ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદબાતલ કેન્સલ કરવાની સત્તા આપવામાં આવશે. નીચેના સંજોગોમાં ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદ બાતલ કરી શકશે.

અ) ટ્રસ્ટે ટ્રસ્ટનાં ઉદ્દેશ્યોનો ભંગ કરી ગેરઉદ્દેશ માટે ટ્રસ્ટના પૈસા વાપરેલ હોય.

બ) ટ્રસ્ટે કોઈપણ ધંધો કરેલ છે. જે ટ્રસ્ટનાં ઉદ્દેશ્ય પરીપૂર્ણ કરવા માટે નથી એટલે કે ટ્રસ્ટ ધંધો કરવા માટે ધંધો કરે છે. ટ્રસ્ટે ધંધો કરવા માટે જુદા ચોપડાઓ રાખેલ નથી જે ધંધો ટ્રસ્ટનાં મુખ્ય ઉદ્દેશ્ય પૂર્ણ કરવા માટે છે.

ક) ટ્રસ્ટ પહેલી એપ્રિલ ૧૯૬૧ બાદનું છે અને ટ્રસ્ટ અમુક ધાર્મિક જાતિઓ. કાસ્ટ કમ્યુનિટી માટે ખુલ્લું છે. એમના લાભાર્થે જ પૈસા ટ્રસ્ટ વાપરે છે. જાહેર જનતા માટે નથી.

ડ) ટ્રસ્ટની પ્રવૃત્તિ સાચી નથી, બનાવટી છે. ટ્રસ્ટ સાચા ચેરીટીના કામકાજ માટે નથી.

ઈ) ટ્રસ્ટને લગતા અન્ય કાયદાઓ જે ટ્રસ્ટનાં ઉદ્દેશ્ય પૂર્ણ કરવા ખૂબજ મહત્ત્વના છે. જરૂરી છે એવા કાયદાઓનો ભંગ કરવાથી દા.ત. ટ્રસ્ટ પાસે ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશનમાં દાન આપેલ છે. દાન, અમુક કાર્યો માટે આવેલ છે. અને આ દાનની રકમ એવા હેતુ માટે વાપરેલ છે. જેનો હિસાબ ટ્રસ્ટ આપી શકતું નથી અને વખતો-વખત એના વપરાશના રીટર્ન ભરવા પડતાં હોય એવા કાયદાનો ભંગ કરેલ હોય તો એવા સંજોગોમાં ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદ કરવા કમીશનરને સત્તા છે.

જ્યારે ટ્રસ્ટનાં કેસ સ્કુટીનીમાં આવે અને ઈન્કમટેક્ષ ઓફિસરને ઉપર મુજબ જણાવેલ બાબતો ધ્યાનમાં આવે તો ઈન્કમટેક્ષ ઓફિસર કમીશનરને રજુઆત કરીને ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદબાતલ/કેન્સલ કરવા ભલામણ કરી શકશે. (નોંધ : સ્કુટીની કેસો સીબીડીટીની ગાઈડ લાઈન પ્રમાણે થશે)

૪) ટ્રસ્ટની આવકનો ઉપયોગ ભારતમાં જ થવો જોઈએ. અપવાદરૂપ કોઈ પણ ટ્રસ્ટ ૧.૪.૧૯૫૨ પહેલાનું છે તથા ટ્રસ્ટ ડીડમાં એ પ્રમાણેની જોગવાઈઓ છે તથા નિયમોનું પાલન કરી સેન્ટ્રલ બોર્ડ રજા લઈ ટ્રસ્ટની આવક પરદેશમાં વાપરી શકાય છે અને એ રકમ આંતરરાષ્ટ્રીય કલ્યાણ માટે છે. અને એ રાજ્યમાં આપણા દેશના લોકોનું રક્ષણ કરે છે. આપણાં હિતમાં છે.

૫) દાનમાં પ્રકારો અને કેવી રીતે કેટલા સમયમાં વાપરવાના રહેશે તથા રોકાણના નિયમો.

અ) મરજીયાત દાનો : કોઈપણ દાતા ટ્રસ્ટને રાજીખુશીથી દાન આપે છે અને કોઈપણ જાતની શરતો મુકતા નથી અને આવા દાનો જે વર્ષમાં મળે તે વર્ષની આવક ગણવામાં આવે છે, અને આવી આવકો ફાઈનાન્સીયલ વર્ષમાં વાપરી નાખવાની શરતો હોય છે, અને આવકના કોઈપણ સંજોગોમાં ૮૫% રકમ વાપરી નાખવાની હોય છે. જો કોઈપણ સંજોગોમાં દાનની રકમ વાપરી ન શકાય. અન્ય આવકોના ૮૫% રકમ વાપરી ન શકાય તો ફોર્મ નં. ૧૦ ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરવાની તારીખ સુધીમાં એટલે કે ૩૧મી ઓક્ટોબર પહેલા અરજી કરી કોઈપણ ટ્રસ્ટનાં ઉદ્દેશ્યને ધ્યાનમાં લઈ આવી રકમ પાંચ વર્ષના અંત સુધી વાપરી નાખવી પડશે અને જેટલો સમય રકમ વાપરી ન શકો ત્યાંસુધી કલમ ૧૧(૫) પ્રમાણે(બેંકના ફિક્સ્ડ ડિપોજીટ, મકાન, જમીન સમય રકમ વાપરી ન શકો ત્યાં સુધી કલમ ૧૧(૫) પ્રમાણે (બેંકના ફિક્સ્ડ ડિપોજીટ, મકાન, જમીન વગેરેમાં રોકી શકો છો)


|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૭૨૦૮૧ ૪૯૭૨૫**

**ગાય અને ભેંસનું શુધ્ધ ઘી**

**સ્વાદ લિજજતદાર - સુગંધ ખુશ્બુદાર**

**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું**
**શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં**
**તમારા ઘર આંગણે**

**એક કિલો**
**પાંચ કિલો અને**
**પંદર કિલોમાં**
**ઉપલબ્ધ**

**ફ્રી હોમ ડિલીવરી**

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

અગર પાંચ વર્ષમાં રકમ વાપરી ન શકાય તો ટ્રસ્ટે નવા સુધારેલા કાયદા પ્રમાણે ૩૦% ટેક્ષ તથા સરચાર્જ અને સેસ ભરવા પડે છે. રકમ વાપરવા તમે પાંચ વર્ષ માટેની અરજી કરેલ છે તો આવી રકમમાંથી તમે બીજા ટ્રસ્ટને દાન આપી શકશો નહીં, નહીં તો તમે રકમ વાપરી નથી અને ટેક્ષ ભરવો પડશે.

બ) કોરપસ ડોનેશન : શરતી દાન : દાન આપનાર ટ્રસ્ટને ફરમાન કરે છે. કાગળ લખી ટ્રસ્ટને ફરમાન કરે છે કે દાનની રકમ અમુક હેતુઓ માટેજ વાપરવાની છે, અથવા દાનની રકમમાંથી વ્યાજની રકમ અમુક હેતુઓ માટે વાપરવાની છે. તો આવા દાનની રકમ કોરપસ-કાયમી દાન તરીકે ગણવામાં આવે છે. આવા દાનો પાકા સરવૈયામાં લેવામાં આવે છે. આવા દાનોને કલમ ૧૧ (૧) (ડી) મુજબ ટેક્ષ લાગુ પડતો નથી પણ આ દાન કલમ ૧૧ (૫) મુજબનું રોકાણ કરવાનું રહેશે. દા.ત.: બેંકમાં ફિક્સ ડિપોઝીટ તરીકે રાખવા પડશે. કોરપસ-કાયમી અથવા શરતી દાનની રકમમાંથી કોઈપણ ટ્રસ્ટના અન્ય ખર્ચાઓ કરશો તો તમને આવી રકમ વાપરી છે એનો લાભ મળશે નહીં. એ એપ્લિકેશન ઓફ ઈન્કમ તરીકે બાદ મળશે નહીં.

૬) તમારા ટ્રસ્ટમાં આવક કોઈપણ સંજોગોમાં વર્ષના અંત સુધીમાં આવેલ ન હોય તો તમે વાપરી શકવા શક્તિમાન નથી આવા સંજોગોમાં કલમ ૧૧(૧)માં ખાસ સગવડ આપવામાં આવેલ છે. તમે ફોર્મ નંબર-૯એ (રૂલ નં. ૧૭(૧) ભરીને આ આવક આવતા વર્ષમાં વાપરી શકો છો. આ ફોર્મ રીટર્ન ભરવાની તારીખ એટલે કે ૩૧ ઓક્ટોબર સુધીમાં ભરી દેવાનું રહેશે.

૭) ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ નીચેની બાબતો પર ખુબજ ધ્યાન રાખવું જરૂરી છે.

અ) નીચેના સંજોગોમાં કલમ ૧૩(૩) લાગી જશે. દા.ત. ટ્રસ્ટ પોતાની આવક મિલકત, જગ્યા, પગાર, લાયકાતથી વધારે આપે છે. આવી વ્યક્તિઓમાં (૧) ટ્રસ્ટ ઉભુ કરનાર ફાઉન્ડર ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ, મેનેજર, હોદ્દેદારો, ટ્રસ્ટને રૂા. ૫૦,૦૦૦/- અથવા વધારે રકમનું દાન આપેલ છે તેવી વ્યક્તિઓને બજાર ભાવથી ઓછા ભાવે આપવી અથવા પગાર વગેરે બજાર ભાવથી ઓછા આપવા અથવા પગાર વગેરે બજાર ભાવથી ઓછા આપવા અથવા પગાર વગેરે બજાર ભાવથી વધારે આપતા આ કલમ લાગુ પડતાં એટલે કે રકમ ઉપર અત્યારે ૪૨% અને આવતા વર્ષથી ૩૦% ટેક્ષ તથા સરચાર્જ અને સેસ ભરવા પડશે.

બ) ટ્રસ્ટનું રોકાણ ૧૧(૫) મુજબ નથી કરેલ આ કલમનો ભંગ કરેલ છે.

ક) ટ્રસ્ટની આવક પાંચ વર્ષમાં વાપરવા માટે ફોર્મ નં. ૧૦થી અરજી કરી હોય અને એ રકમ પાંચ વર્ષમાં ન વાપરતા છેલ્લા વર્ષમાં આવી રકમ ઉપર ટેક્ષ ભરવો પડશે. દા.ત. તમે ૫,૦૦,૦૦૦/- કેળવણીમાં મદદ માટે વાપરવા ફંડ ઉભું કરેલ હોય તો આ રકમ બીજા હેતુ માટે વાપરી શકાશે નહીં. (ઈન્કમ ટેક્ષ ઓફિસરની પરવાનગી આપ હેતુ ચેન્જ કરી શકો છો) આવી રકમ પાંચ વર્ષમાં ફરજીયાત વાપરી નાખવી પડશે.

જ) આપનું ટ્રસ્ટ પાંચ વર્ષ માટે આવક ફાળવી હોય એ રકમમાંથી આપ બીજા ટ્રસ્ટને ડોનેશન નહીં આપી શકશો, અગર આપ આપી દેશો તો એ રકમ આપે વાપરેલ નથી, અને આવી રકમ ઉપર ટેક્ષ ભરવો પડશે.

ઈ) ટ્રસ્ટ આવકનો હિસ્સો ભારતમાં નહીં પરંતુ બીજા દેશમાં વાપરશો તો આવી રકમ તમે ટ્રસ્ટના ઉપયોગમાં વાપરેલ નથી અને આવી રકમ ઉપર ટેક્ષ ભરવો પડશે.

એફ) આપ આપના ટ્રસ્ટમાંથી બીજા ટ્રસ્ટને કોરપસ ડોનેશન નહીં આપી શકો. અગર આપશો તો એ આવક તમે ટ્રસ્ટના હેતુ માટે વાપરેલ નથી.

જી) અગર આપ ટ્રસ્ટીના ફાઉન્ડરના તથા મેનેજર અથવા રૂા.૫૦,૦૦૦/- ઉપરથી ડોનેશન આપનારને કલમ ૧૩(૩)ના ભંગ કરશો આવા લોકોને ફાયદો આપશો તો પ્રથમ તો આપે આવી રકમ ઉપર ટેક્ષ ભરવો પડશે. અત્યારે ૪૨% બજેટ પાસ થયા બાદ આવતા વર્ષથી ૩૦% ટેક્ષ અને સરચાર્જ અને સેસ ભરવો પડશે. આ સાથે બજેટ પાસ થયા બાદ કલમ ૨૭૧ એ.એ.ઈ. પ્રમાણે પ્રથમ ભુલ માટે ૧૦૦% ટેક્ષ ભરવો પડશે.

૮) ટ્રસ્ટે નીચેના નિયમો-કાયદાનો ખૂબજ સખતાઈથી પાલન કરવો પડશે.

૧) ટ્રસ્ટે ઓડિટ કરાવી ફોર્મ નં. ૧૦-બી, કલમ ૧૨ એબી મુજબ ઓડિટ કરાવી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં કરાવી ઈન્કમ ટેક્ષમાં ભરી દેવાનો રહેશે.

૨) ફોર્મ નં. ૧૦ : ઈન્કમ ટેક્ષ નિયમ ૧૭ (૨) ઈન્કમ

સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
સોનલ આર્ટ
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

ટેક્ષ કલમ ૧૧(૨).

અગર ટ્રસ્ટની આવક રૂા. ૧ કરોડ છે. ટ્રસ્ટે ૩૦ લાખ જ વાપરેલ છે. પરંતુ ઈન્કમ ટેક્ષ કાયદા પ્રમાણે ૮૫% આવક વાપરી નાખવાની હોય છે. રૂા. ૫૫ લાખ આપે વાપરેલ નથી તો આપે ફોર્મ નં. ૧૦ ભરી તમારે ટ્રસ્ટનાં ઉદ્દેશ્ય પરિપૂર્ણ કરવા માટે હેતુ માટે ઠરાવ પસાર કરી આટલી રકમ પાંચ વર્ષમાં વાપરી શકો. તેના માટે શરત છે. આ ફોર્મ ૩૧મી ઓક્ટોબર સુધીમાં અરજી કરી નાખવી પડશે. જો મોડા પડશો તો વધારાની-જે રકમ વાપરેલ નથી એના ઉપર ટેક્ષ ભરવો પડશે.

૩) ઈન્કમ ટેક્ષ રીટર્ન કલમ ૧૩૯ (૪૨ તથા કલમ ૧૩૯(૧) મુજબ ૩૧મી ઓક્ટોબર અથવા સી.બી.ડી.ટી. સમય વધારી આપે તે પ્રમાણે ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરી લેવું જરૂરી છે.

જો ઉપર મુજબ ફોર્મ નં. ૧૦-બી તથા ઈન્કમ ટેક્ષ રીટર્ન સમયસર ન ભરતાં કલમ નં. ૧૧ તથા ૧૨ના લાભો મળશે નહીં એટલે કે ટ્રસ્ટની આવક રૂા. ૧ કરોડ છે, ટ્રસ્ટે રૂા. ૩૦ લાખ જ વાપરેલ છે. તો રૂા. ૭૦ લાખ ઉપર ત્યારના કાયદા મુજબ ૪૨% ટેક્ષ ભરવો પડશે. આવતા વર્ષથી ૩૦% ટેક્ષ ઉપરાંત સરચાર્જ અને સેસ ભરવાનો રહેશે. એટલે આપણે ઉપરની ત્રણે વસ્તુ સમયસર ભરી દેવા ખુબ જ જરૂરી છે.

૪) કલમ નં. ૧૧(૧) એક્સપ્લેનેશન (સમજ) ૩ મુજબ આપે ટેક્ષ આપને ટેક્ષ ડિડક્ટેડ એટ સોર્સ ટ્રસ્ટને લાગુ પડશે. (એટલે કે ટેક્ષ કપાતના કાયદાઓ લાગુ પડે છે) આ કાયદાનો ભંગ આપને આવી રકમ, ટ્રસ્ટના હેતુ માટે નથી વાપરી અને એ રકમ ઉપર ટેક્ષ ભરવો પડશે. આજ રીતે રોકડમાં ખર્ચ રૂા. ૧૦,૦૦૦/- એક દિવસમાં એક જ વ્યક્તિને ચૂકવવો પડશે તો ખર્ચમાં બાદ નહીં મળી શકે અને આવી આવક ઉપર ૨૦% ટેક્ષ સરચાર્જ તથા સેસ ભરવો પડશે. ટુંકમાં આ કાયદાનો ભંગ આપે આ રકમ ટ્રસ્ટના ઉદ્દેશ્ય માટે વાપરી નથી એમ કાયદો માની લેશે.

૫) કલમ ૧૧(૬) મુજબ ટ્રસ્ટને કોઈપણ મિલકત ઉપર ઘસારો બાદ નહીં મળે. (આ કાયદો ૦૧.૦૪.૨૦૧૫થી અમલમાં આવેલ છે).

૬) જો આપના ટ્રસ્ટ પાસે ૮૦જી છે તો આપે દરેક દાન આપનારનું નામ, સરનામું, રકમ પાન નંબર, આધાર કાર્ડ વગેરે લઈ લેશો અને મે માસ સુધીમાં ડોનેશન પત્રક ફોર્મ નંબર ૧૦ બી.ઈ.માં આપવું પડશે.

જો ડોનેશન પત્રક ૧૦ બી.ડી. ૩૧મી મે ૨૦૨૨ પછી ભરશો તો દરરોજની ઢીલ માટે રૂા. ૨૦૦ દંડ ભરવો પડશે.

